# સુરત જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના

મૂળ પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામઃ– **શ્રી મનુભાઈ એમ પટેલ**
તેમનો મત વિસ્તારઃ– **(ઉધના–૧૬૪)**

**અગ્રતાક્રમ નં. ૧૫**

**પ્રશ્નઃ– ૧** **દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ** છેલ્લા એક વર્ષમાં સુરત જીલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ, તેમાંથી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવેલ અને કેટલી રકમ ચૂકવવામાં આવી**?** **(શ્રી મનુભાઈ પટેલ – ઉધના)**

**પ્રશ્નઃ– ૨** **દિવ્યાંગ લગ્ન સહાય આપવાની યોજના** હેઠળ સમગ્ર રાજ્યમાં છેલ્લા પાંચ નાણાકીય વર્ષમાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી**?** **(શ્રીમતી સંગીતાબેન પાટીલ – લીંબાયત)**

**પ્રશ્નઃ– ૩** દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા **વર્ષ ૨૦૨૧–૨૨ અને વર્ષ ૨૦૨૨–૨૩** માં ફાળવેલ ભૌતિક લક્ષ્યાંક કેટલો હતો અને તેની સામે કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો? **(શ્રી અરવિંદભાઈ રાણા – સુરત પૂર્વ)**

-

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ - ૯૦૪

પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ - શ્રી મનુભાઇ પટેલ

ધારાસભ્યશ્રીનો મત વિસ્તારઃ - ઉધના

પ્રશ્નનું સંક્ષિપ્ત શિર્ષકઃ - સુરત જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ -**

| અ.નં. | પ્રશ્ન. | જવાબ |
| --- | --- | --- |
| ૧ | સુરત જિલ્લામાં વર્ષ ૨૦૨૩માં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | ૮૬ |
| ૨ | તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,અને | ૮૬ |
| ૩ | તે પૈકી કેટલી રકમ ચૂકવવામાં આવી? | ૪૩૦૦૦૦૦ |

**પ્રશ્ન : ૧ દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં સુરત જીલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ, તેમાંથી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવેલ અને કેટલી રકમ ચૂકવવામાં આવી ?**

**જવાબ : માન. અધ્યક્ષશ્રી,**

| **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** | **મંજુર કરેલ અરજી** | **ચુકવેલ સહાયની કુલ રકમ (રૂ.)** |
|---|---|---|---|
| અડાજણ | ૧૩ | ૧૩ | ૬.૫ લાખ |
| બારડોલી | ૩ | ૩ | ૧. ૫ લાખ |
| ચોર્યાસી | ૧ | ૧ | ૦.૫ લાખ |
| કામરેજ | ૭ | ૭ | ૩.૫ લાખ |
| કતારગામ | ૧૩ | ૧૩ | ૬.૫ લાખ |
| મહુવા | ૨ | ૨ | ૧.૦૦ લાખ |
| મજુરા | ૧ | ૧ | ૦.૫ લાખ |
| માંડવી | ૩ | ૩ | ૧.૫ લાખ |
| ઓલપાડ | ૨ | ૨ | ૧.૦ લાખ |
| પુણા | ૨૪ | ૨૪ | ૧૨.૦૦ લાખ |
| ઉધના | ૧૬ | ૧૬ | ૮.૦ લાખ |
| ઉમરપાડા | ૧ | ૧ | ૦.૫ લાખ |
| **કુલ** | **૮૬** | **૮૬** | **૪૩.૦૦ લાખ** |

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન ૨ : દિવ્યાંગ લગ્ન સહાય આપવાની યોજના હેઠળ સમગ્ર રાજ્યમાં છેલ્લા પાંચ નાણાકીય વર્ષમાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી?**

**જવાબ : માન. અધ્યક્ષશ્રી,**

બૌદ્ધિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ)વ્યક્તિને આર્થિક સહાય યોજના હેઠળ ગુજરાત રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં ૭૨૧૨ લાભાર્થીઓને રૂપિયા ૩૪૯૭.૪૦લાખની સહાય ચુકવવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | લાભાર્થીઓની સંખ્યા | ચુકવેલ સહાયની રકમ(રૂ. લાખમાં ) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૮-૧૯ | ૧,૨૩૬ | ૫૪૪.૨૦ |
| ૨ | ૨૦૧૯-૨૦ | ૧,૬૭૩ | ૮૧૪.૫૦ |
| ૩ | ૨૦૨૦-૨૧ | ૧,૧૯૯ | ૫૮૭.૫૦ |
| ૪ | ૨૦૨૧-૨૨ | ૧,૫૬૫ | ૭૮૨.૨૦ |
| ૫ | ૨૦૨૨-૨૩ | ૧૫૩૯ | ૭૬૯.૫૦ |
| **કુલ** | | **૭૨૧૨** | **૩૪૯૭.૪૦** |

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન ૩ : દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧–૨૨ અને વર્ષ ૨૦૨૨–૨૩ માં ફાળવેલ ભૌતિક લક્ષ્યાંક કેટલો હતો અને તેની સામે કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો?**

**જવાબ : માન. અધ્યક્ષશ્રી,**

- દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧–૨૨માં ૧૫૦૦ ભૌતિક લક્ષ્યાંક ફાળવવામાં આવેલ તે પૈકી ૧,૫૬૫ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો

- દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨–૨૩માં ૧૫૦૦ ભૌતિક લક્ષ્યાંક ફાળવવામાં આવેલ તે પૈકી ૧,૫૩૯ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો

મુખ્ય પેજ પર જવા માટે

**પૂરક નોંધ**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૯૦૪**

**વિગત :- સુરત જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના**

---

**આ યોજનાની હાલની વિગતો**

➢ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૧૩/૮૦૩૯૬૦/ન.બા.-૮/છ-૧,તા.૩૧-૦૭-૨૦૧૪ના ઠરાવથી દિવ્યાંગ થી દિવ્યાંગ અને દિવ્યાંગથી સામાન્ય વ્યક્તિઓને લગ્ન માટે આર્થિક સહાય આપવા માટે આ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

**હેતુ**

- દિવ્યાંગ થી દિવ્યાંગ અને દિવ્યાંગ થી સામાન્ય વ્યક્તિઓ સમાજમાં સન્માન પૂર્વક જીવી શકે તે હેતુથી દિવ્યાંગ લગ્ન સહાય યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

**આ યોજના હેઠળ હાલમાં સહાય મેળવવાની પાત્રતા**

- કન્યાની ઉંમર ૧૮ વર્ષથી ઉપર અને છોકરાની ઉંમર ૨૧ વર્ષથી વધુ હોવી જોઇએ.
- યોજનાનો લાભ ફક્ત એક જ વખત (યુગલ દીઠ) મળવાપાત્ર રહેશે.
- લગ્ન થયા તારીખથી બે વર્ષની સમય મર્યાદામાં અરજી કરવાની રહે છે.
- આ યોજનાનો લાભ ૨૧ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓને આપવામાં આવે છે.

| ક્રમ | દિવ્યાંગતા | દિવ્યાંગતાની ટકાવારી |
|---|---|---|
| ૧ | અંધત્વ (Blindness) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૨ | આનુવંશિક કારણોથી થતો સ્નાયુક્ષય (Muscular Dystrophy) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૩ | સાંભળવાની ક્ષતિ(Hearing Impairment) | ૭૧ થી ૧૦૦ ટકા |
| ૪ | ક્રોનિક ન્યુરોલોજીકલ સ્થિતિ (Chronic Neurological Condition) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૫ | સામાન્ય ઈજા જીવલેણ રક્તસ્ત્રાવ (Hemophilia) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૬ | ઓછી દ્રષ્ટી (Low Vision) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૭ | ધ્રુજારી સ્નાયુબદ્ધ કઠોરતા (Parkinson"s Disease) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૮ | બૌદ્ધિક અસમર્થતા (Intellectual Disability) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૯ | હિમોગ્લોબિનની ઘટેલી માત્રા (Thelassemia) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૧૦ | રક્તપિત–સાજા થયેલ (Leprosy Cured person) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૧૧ | દીર્ઘ કાલીન અનેમિયા (Sickle Cell Disease) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૧૨ | એસીડના હુમલાનો ભોગ બનેલા (Acid Attack Victim) | ૪૦ ટકા કે તેથી વધુ |

| | | |
|---|---|---|
| ૧૩ | હલન ચલન સાથેની અશકતતા (Locomotor Disability) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૧૪ | સેરેબલપાલ્સી (Cerebral palsy) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૧૫ | વામનતા (Dwarfism) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૧૬ | માનસિક બિમાર (Mental Illness) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૧૭ | બહુવિધ સ્કલેરોસિસ–શરીરની પેશીઓ કઠણ થવાની વિકૃતિ (Multiple Sclerosis) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૧૮ | ખાસ અભ્યાસ સંબંધિત દિવ્યાંગતા (Specific Learning Disabilities) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૧૯ | વાણી અને ભાષાની અશકતતા (Speech and Language Disability) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૨૦ | ચેતાતંત્ર–ન્યુરોનીવિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતિ (Autism Spectrum Disorder) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૨૧ | બહેરા અંધત્વ સહિત અનેક અપંગતા (Multiple Disabilities Including Deaf Blindness) | ૫૦ ટકા કે તેથી વધુ |

**આ યોજના હેઠળ મળવાપાત્ર  સહાય**

- આ યોજના હેઠળ દિવ્યાંગ થી દિવ્યાંગ વ્યક્તિ પરસ્પર એક બીજા સાથે લગ્ન કરે ત્યારે યુગલની બન્ને વ્યક્તિને રૂ.૫૦,૦૦૦/- + રૂ.૫૦,૦૦૦/- સહાય મળવાપાત્ર છે.
- દિવ્યાંગથી સામાન્ય વ્યક્તિ એક બીજા સાથે લગ્ન કરે તેવા કિસ્સામાં દિવ્યાંગ વ્યક્તિને રૂ.૫૦,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે.

**આ યોજનાનાં અરજી પત્રક**

- આ યોજના હેઠળ ચાલુ વર્ષ દરમ્યાન esamajkalyan.gujarat.gov.in પોર્ટલ પર ઓનલાઇન અરજી સ્વિકારવામાં કરવામાં આવે છે. જેથી લાભાર્થીઓ પોતાના ઘરેબેઠા પણ અરજી કરી શકે છે. તેમ છતાં જે લાભાર્થીઓ જાતે ઓનલાઇન અરજી કરી શક્તા નથી તેવા લાભાર્થીઓની અરજી જીલ્લા કચેરી ખાતે રૂબરૂમાં ઓનલાઇન કરી આપવામાં આવે છે.
- ડિજીટલ સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત ઇ-ગ્રામ કેન્દ્ર મારફતે પણ ઓન લાઇન અરજી સ્વિકારવામાં આવે છે.
- ઓન લાઇન અરજીઓની ચકાસણી કરી સહાય મંજૂર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને છે.

**સહાય કેવી રીતે આપવામાં આવે છે.**

- આ યોજના હેઠળ લાભાર્થીને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી દ્વારા લાભાર્થીના બેંક એકાઉન્ટમાં સહાય આપવામાં આવે છે.

## યોજનાની શરૂઆતથી અત્યાર સુધીની વિગતો

| ક્રમ | વર્ષ | ઠરાવની તારીખ | ઠરાવની વિગત |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૪ | ૩૧/૦૭/૨૦૧૪ | • આ યોજના હેઠળ કન્યાની ઉંમર અચૂક રીતે ૧૮ વર્ષથી ઉપર અને છોકરાની ઉંમર ૨૧ વર્ષથી વધુ હોવી જોઇએ.<br>• આ યોજનાનો લાભ તમામ વર્ગની બહેનોને મળવાપાત્ર થશે. |
| ૨ | ૨૦૧૫ | ૧૬/૦૮/૨૦૧૫ | • કન્યાની ઉંમર ૧૮ વર્ષથી ઉપર અને છોકરાની ઉંમર ૨૧ વર્ષથી વધુ હોવી જોઇએ એમ ઠરાવવામાં આવેલ.<br>• ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગોને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે એમ ઠરાવવામાં આવેલ.<br>• સહાયની રકમ રૂ.૨૦૦૦૦/- મળવાપાત્ર રહેશે એમ ઠરાવવામાં આવેલ.<br>• ગરીબી રેખા નીચે જીવતા/નબળી આર્થિક સ્થિતિ ધરાવતા અરજદારોને સહાય મંજૂર કરવામાં અગ્રતા આપવાની રહેશે એમ ઠરાવવામાં આવેલ.<br>• આ યોજનાના અસરકારક અમલીકરણ માટે આવકની મર્યાદા ગ્રામ્ય કક્ષાએ રૂ.૪૭૦૦૦/- અને શહેરી કક્ષાએ રૂ. ૬૮૦૦૦/- રહેશે એમ ઠરાવવામાં આવેલ. |
| ૩ | ૨૦૧૬ | ૨૧/૦૫/૨૦૧૬ | • દિવ્યાંગથી દિવ્યાંગ અને દિવ્યાંગથી સામાન્ય વ્યક્તિની લગ્ન સહાય યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૪૭૦૦૦/- |

| | | | |
|---|---|---|---|
| | | | અને શહેરી વિસ્તાર માટે રૂ. ૬૮૦૦૦/- આવક મર્યાદાનું ધોરણ લાગુ હતું તે નાબુદ કરવામાં આવેલ.<br>• દિવ્યાંગથી દિવ્યાંગ અને દિવ્યાંગથી સામાન્ય વ્યક્તિઓને લગ્ન માટે આર્થિક સહાય યોજના હેઠળ દિવ્યાંગથી દિવ્યાંગ વ્યક્તિ પરસ્પર એક બીજા સાથે લગ્ન કરે ત્યારે યુગલ પૈકી એક વ્યક્તિને રૂ. ૨૦૦૦૦/-ની આર્થિક સહાય આપવામાં આવતી હતી.જેમાં સુધારો કરીને હવે યુગલ દીઠ બંન્ને વ્યક્તિને સહાય મળવાપાત્ર થશે તેમજ સહાયની રકમ રૂ. ૨૦૦૦૦/- થી વધારી રૂ. ૫૦૦૦૦/- કરવામાં આવી. યુગલ દીઠ બંન્ને વ્યક્તિને રૂ. ૫૦૦૦૦/- + ૫૦૦૦૦/- સહાય મળવાપાત્ર થશે તેમજ દિવ્યાંગથી સામાન્ય વ્યક્તિ એક બીજા સાથે લગ્ન કરે તેવા કિસ્સામાં દિવ્યાંગ વ્યક્તિને રૂ. ૫૦૦૦૦/- સહાય મળવાપાત્ર થશે એમ ઠરાવવામાં આવેલ. |
| **૪** | **૨૦૧૮** | **૨૧/૦૮/૨૦૧૮** | • દિવ્યાંગ થી દિવ્યાંગ તથા સામાન્ય વ્યક્તિથી દિવ્યાંગ લગ્ન કરે ત્યારે નીચે મુજબ દિવ્યાંગતાની ટકાવારી ગણવાનું ઠરાવવામાં આવેલ છે. |

<table>
<tr>
<td></td>
<td></td>
<td></td>
<td>
<table>
<tr><th>દિવ્યાંગતાનો પ્રકાર</th><th>દિવ્યાંગતાની શ્રેણી</th><th>દિવ્યાંગતાની ટકાવારી</th></tr>
<tr><td>અસ્થિવિષયક દિવ્યાંગતા</td><td>–</td><td>૪૦ ટકા</td></tr>
<tr><td>દ્રષ્ટિવિષયક</td><td>૬/૬૦ અથવા ૨૦/૨૦૦ થી વધુ ન હોય</td><td>૮૦ ટકા કે તેથી વધુ અંધત્વ</td></tr>
<tr><td>શ્રવણમંદ</td><td>૭૧ ડેસીબલ કે તેથી વધુ</td><td>૭૧ થી ૧૦૦ ટકા</td></tr>
<tr><td>મંદબુધ્ધિ (માનસિક મંદતા)</td><td>૫૦–૭૦ બુધ્ધિઆંક</td><td>૫૦ ટકા</td></tr>
</table>
</td>
</tr>
<tr>
<td>૫</td>
<td>૨૦૧૯</td>
<td>૨૭/૧૨/૨૦૧૯</td>
<td>
<ul><li>દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ ૨૧ પ્રકારની દિવ્યાંગતા મુજબ યોજનાનો લાભ આપવા બાબતે દિવ્યાંગતાની પાત્રતા નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે.</li></ul>
<table>
<tr><th>ક્રમ</th><th>દિવ્યાંગતા</th><th>દિવ્યાંગતાની ટકાવારી</th></tr>
</table>
</td>
</tr>
</table>

| | | |
|---|---|---|
| ૧ | અંધત્વ (Blindness) | ૮૦ ટકા કે તેથી વધુ |
| ૨ | આનુવંશિક કારણોથી થતો સ્નાયુક્ષય (Muscular Dystrophy) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૩ | સાંભળવાની ક્ષતિ (Hearing Impairment) | ૭૧ થી ૧૦૦ ટકા |
| ૪ | ક્રોનિક ન્યુરોલોજીકલ સ્થિતિ (Chronic Neurological Condition) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૫ | સામાન્ય ઈજા જીવલેણ રક્તસ્ત્રાવ (Hemophilia) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૬ | ઓછી દ્રષ્ટી (Low Vision) | ૮૦ ટકા કે તેથી વધુ |
| ૭ | ધ્રુજારી સ્નાયુબદ્ધ કઠોરતા (Parkinson”s Disease) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૮ | બૌદ્ધિક અસમર્થતા (Intellectual Disability) | ૫૦ ટકા કે તેથી વધુ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૯ | હિમોગ્લોબિનની ઘટેલી માત્રા (Thelassemia) | ૫૦ ટકા કે તેથી વધુ | |
| | | | | ૧૦ | રક્તપિત–સાજા થયેલ (Leprosy Cured person) | ૪૦ ટકા કે તેથી વધુ | |
| | | | | ૧૧ | દીર્ઘ કાલીન અનેમિયા (Sickle Cell Disease) | ૫૦ ટકા કે તેથી વધુ | |
| | | | | ૧૨ | એસીડના હુમલાનો ભોગ બનેલા (Acid Attack Victim) | ૪૦ ટકા કે તેથી વધુ | |
| | | | | ૧૩ | હલન ચલન સાથેની અશકતતા (Locomotor Disability) | ૪૦ ટકા કે તેથી વધુ | |
| | | | | ૧૪ | સૅરેબલપાલ્સી (Cerebral palsy) | ૪૦ ટકા કે તેથી વધુ | |
| | | | | ૧૫ | વામનતા (Dwarfism) | ૪૦ ટકા કે તેથી વધુ | |
| | | | | ૧૬ | માનસિક બિમાર (Mental Illness) | ૫૦ ટકા કે તેથી વધુ | |
| | | | | ૧૭ | બહુવિધ સ્કલેરોસિસ– શરીરની પેશીઓ કઠણ થવાની વિકૃતિ (Multiple | ૪૦ ટકા કે તેથી વધુ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | Sclerosis) | |
| | | | ૧૮ | ખાસ અભ્યાસ સંબંધિત વિકલાંગતા (Specific Learning Disabilities) | ૫૦ ટકા કે તેથી વધુ |
| | | | ૧૯ | વાણી અને ભાષાની અશકતતા (Speech and Language Disability) | ૫૦ ટકા કે તેથી વધુ |
| | | | ૨૦ | ચેતાતંત્ર–ન્યુરોનીવિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતિ (Autism Spectrum Disorder) | ૫૦ ટકા કે તેથી વધુ |
| | | | ૨૧ | બહેરા અંધત્વ સહિત અનેક અપંગતા (Multiple Disabilities Including Deaf Blindness) | ૫૦ ટકા કે તેથી વધુ |
| **૬** | **૨૦૨૦** | **૨૯/૦૭/૨૦૨૦** | ● દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ દિવ્યાંગતાની ટકાવારીમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવ્યો. | | |

<table>
<tr>
<td></td>
<td></td>
<td></td>
<td>
<table>
<tr><td>ક્રમ</td><td>દિવ્યાંગતાનું નામ</td><td>સુધારેલ દિવ્યાંગતાની ટકાવારી</td></tr>
<tr><td>૧</td><td>અંધત્વ (Blindness)</td><td>૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.</td></tr>
<tr><td>૨</td><td>ઓછી દ્રષ્ટિ(low vision)</td><td>૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.</td></tr>
</table>
</td>
</tr>
<tr>
<td>૭</td>
<td>૨૦૨૦</td>
<td>૧૯/૧૦/૨૦૨૦</td>
<td>
<ul>
<li>દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ લગ્નની તારીખથી બે વર્ષની સમયમર્યાદામાં અરજી કરવાની રહેશે એમ ઠરાવવામાં આવ્યુ.</li>
<li>બે અલગ અલગ જિલ્લામાં રહેતી દિવ્યાંગ વ્યક્તિના લગ્નના કિસ્સામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજનાનો લાભ મેળવવા માટેની અરજી દંપતીએ લગ્ન બાદના દિવ્યાંગ દંપતીના કાયમી વસવાટના જિલ્લામાં કરવાની રહેશે.અરજી મંજૂર કરનાર જિલ્લાના જિલ્લા સમાજ સુરક્ષા</li>
</ul>
</td>
</tr>
</table>

| | | | |
|---|---|---|---|
| | | | અધિકારીએ અન્ય જિલ્લાના જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને અરજી મંજૂર કર્યાની જાણ કરવાની રહેશે એમ ઠરાવવામાં આવ્યુ.<br>● દિવ્યાંગ અરજદાર અન્ય રાજ્યમાંથી દિવ્યાંગ સ્ત્રી જોડે લગ્ન કરે તેવા કિસ્સામાં બંન્ને દિવ્યાંગ પતિ– પત્નીને આ યોજનાનો લાભ નિયત પુરાવા રજુ કરેથી મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અરજદાર અન્ય રાજ્યમાંથી દિવ્યાંગ સ્ત્રી જોડે લગ્ન કરે તેવા કિસ્સામાં અરજદારે સ્ત્રી પાસેથી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીએ સ્ત્રી લાભાર્થીએ તેના રાજ્યમાંથી દિવ્યાંગ લગ્ન સહાય મેળવેલ નથી તે અંગેની બાંહેધરી મેળવી લેવાની રહેશે એમ ઠરાવવામાં આવ્યુ.<br>● **આ યોજનાનો લાભ લેવા માટે અરજદારે લગ્ન નોંધણી અંગેનું સક્ષમ સત્તામંડળનું પ્રમાણપત્ર ફરજીયાત પણે રજુ કરવાનું રહેશે એમ ઠરાવવામાં આવ્યુ.** |
| ૮ | **૨૦૨૦** | **૧૦/૧૨/૨૦૨૦** | ● આ યોજનાને ડિજીટલ ગુજરાત પોર્ટલ પરથી ડીજીટલ સેવા સેતુ અંતર્ગત ઇ– ગ્રામ કેન્દ્રો મારફત એક જ દિવસમાં અપાય તેવી સુવિધા ઉપલબ્ધ કરાવવાનું ઠરાવવામાં આવ્યુ |
| ૯ | **૨૦૨૨** | **૧૬/૦૩/૨૦૨૨** | ● આ યોજના હેઠળ અરજી સાથે રજુ કરવાના આધાર પુરાવામાં બંન્નેનો સંયુક્ત ફોટો/લગ્ન કંકોત્રીની જોગવાઇ રદ કરવાનું ઠરાવવામાં આવ્યુ. |

## આ યોજનાની પાત્રતાનાં ધોરણોમાં ક્યારે ક્યારે સુધારો કરવામાં આવ્યો ?

- તા. ૨૬/૦૮/૨૦૧૫ થી દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિને આ યોજનાનો લાભ મળશે એમ ઠરાવવામાં આવેલ
- તા.૨૧/૦૮/૨૦૧૮ થી દિવ્યાંગ લગ્ન સહાય યોજના માટે દિવ્યાંગતાની ટકાવારી નીચે મુજબ નક્કી કરવામાં આવેલ

| દિવ્યાંગતાનો પ્રકાર | દિવ્યાંગતાની શ્રેણી | દિવ્યાંગતાની ટકાવારી |
|---|---|---|
| અસ્થિવિષયક દિવ્યાંગતા | – | ૮૦ ટકા |
| દ્રષ્ટિવિષયક દિવ્યાંગતા | ૬/૬૦ અથવા ૨૦/૨૦૦ થી વધુ ન હોય | ૮૦ ટકા કે તેથી વધુ અંધત્વ |
| શ્રવણમંદ | ૭૧ ડેસીબલ કે તેથી વધુ | ૭૧ થી ૧૦૦ ટકા |
| મંદબુધ્ધિ (માનસિક મંદતા) | ૫૦–૭૦ બુધ્ધિઆંક | ૫૦ ટકા કે તેથી વધુ. |

- તા. ૨૭/૧૨/૨૦૧૯ થી દિવ્યાંગ લગ્ન સહાય યોજના માટે ૨૧ પ્રકારની દિવ્યાંગતા મુજબ દિવ્યાંગતાની ટકાવારી નીચે મુજબ નક્કી કરવામાં આવેલ.

| ક્રમ | દિવ્યાંગતા | દિવ્યાંગતાની ટકાવારી |
|---|---|---|
| ૧ | અંધત્વ (Blindness) | ૮૦ ટકા કે તેથી વધુ |
| ૨ | આનુવંશિક કારણોથી થતો સ્નાયુક્ષય (Muscular Dystrophy) | ૪૦ ટકા કે તેથી વધુ |

| | | |
|---|---|---|
| ૩ | સાંભળવાની ક્ષતિ (Hearing Impairment) | ૭૧ થી ૧૦૦ ટકા |
| ૪ | ક્રોનિક ન્યુરોલોજીકલ સ્થિતિ (Chronic Neurological Condition) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૫ | સામાન્ય ઈજા જીવલેણ રક્તસ્ત્રાવ (Hemophilia) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૬ | ઓછી દ્રષ્ટી (Low Vision) | ૮૦ ટકા કે તેથી વધુ |
| ૭ | ધ્રુજારી સ્નાયુબદ્ધ કઠોરતા (Parkinson"s Disease) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૮ | બૌદ્ધિક અસમર્થતા (Intellectual Disability) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૯ | હિમોગ્લોબિનની ઘટેલી માત્રા (Thelassemia) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૧૦ | રક્તપિત–સાજા થયેલ (Leprosy Cured person) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૧૧ | દીર્ઘ કાલીન અનેમિયા (Sickle Cell Disease) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૧૨ | એસીડના હુમલાનો ભોગ બનેલા (Acid Attack Victim) | ૪૦ ટકા કે તેથી વધુ |

| | | |
|---|---|---|
| ૧૩ | હલન ચલન સાથેની અશકતતા (Locomotor Disability) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૧૪ | સેરેબલપાલ્સી (Cerebral palsy) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૧૫ | વામનતા (Dwarfism) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૧૬ | માનસિક બિમાર (Mental Illness) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૧૭ | બહુવિધ સ્કલેરોસિસ–શરીરની પેશીઓ કઠણ થવાની વિકૃતિ (Multiple Sclerosis) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૧૮ | ખાસ અભ્યાસ સંબંધિત વિકલાંગતા (Specific Learning Disabilities) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૧૯ | વાણી અને ભાષાની અશકતતા (Speech and Language Disability) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૨૦ | ચેતાતંત્ર–ન્યુરોનીવિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતિ (Autism Spectrum Disorder) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૨૧ | બહેરા અંધત્વ સહિત અનેક અપંગતા (Multiple Disabilities Including Deaf Blindness) | ૫૦ ટકા કે તેથી વધુ |

- તા. ૨૯/૦૭/૨૦૨૦ થી દિવ્યાંગ લગ્ન સહાય યોજનામાં દિવ્યાંગતાની ટકાવારી નીચે મુજબ નક્કી કરવામં આવેલ

| ક્રમ | દિવ્યાંગતાનું નામ | સુધારેલ દિવ્યાંગતાની ટકાવારી |
|---|---|---|
| ૧ | અંધત્વ (Blindness) | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે. |
| ૨ | ઓછી દ્રષ્ટિ(low vision) | ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે. |

- તા. ૧૯/૧૦/૨૦૨૦ થી દિવ્યાંગ લગ્ન સહાય યોજનામાં લગ્ન કર્યા તારીખથી બે વર્ષની સમય મર્યાદામાં અરજી કરવાની રહેશે અને યોજનાનો લાભ લેવા માટે અરજદારે લગ્ન નોંધણી અંગેનું સક્ષમ સત્તામંડળનું પ્રમાણપત્ર ફરજીયાત પણે રજુ કરવાનું રહેશે એમ ઠરાવવામાં આવ્યુ.
- તા. ૧૬/૦૩/૨૦૨૨ થી દિવ્યાંગ લગ્ન સહાય યોજનામાં અરજી સાથે રજુ કરવાના આધાર પુરાવામાં બંન્નેનો સંયુક્ત ફોટો/લગ્ન કંકોત્રીની જોગવાઇ રદ કરવાનું ઠરાવવામાં આવ્યુ.